ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



એડવિનભાઈ એસ. ક્રિશ્ચિયન
મો. ૯૭૨૬૯ ૫૦૭૨૯



નારણભાઈ પી પટેલ
સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા
મો. ૯૯૨૫૦ ૩૨૬૧૮



નવીનચંદ્ર બાલાશંકર જોષી
મો. ૯૮૯૮૦ ૨૭૧૯૨



જયમીતકુમાર એમ બ્રહ્મભટ્ટ
મો. ૯૦૯૯૦ ૦૭૬૧૪



મિત્સી મહેશકુમાર ભાવસાર



કૃપાબા નરેન્દ્રસિંહ ભાટી
મો. ૯૮૨૪૫ ૪૨૫૫૨



જીયાંશી રણજીતભાઈ ચૌહાણ
મો. ૯૮૯૮૮ ૫૧૦૭૦

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# ગુજરાતને કુપોષણમુક્ત બનાવતા મહાઅભિયાનનો પ્રારંભ

## બાળ મૃત્ય દર અને માતા મૃત્યુ દર ઘટાડવા માટે પ્રજાજનોને સંકલ્પ લેવડાવતા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ

ગાંધીનગર, તા.૨૮

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે ગુજરાતની ભાવિ પેઢીને તંદુરસ્ત અને પોષણયુક્ત બનાવવાના રાજ્યવ્યાપી મહાઅભિયાન તહેત પૂરક પોષણ આહાર બાલ અમૃતમ અને માતા, કિશોરીઓને આયર્નની ટેબ્લેટ અને લોહતત્વયુક્ત આહાર માટેની મિશન શકતિ યોજનાનો વનવાસી ક્ષેત્ર ડાંગ, આહવાથી રાજ્યવ્યાપી પ્રારંભ કરાવ્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, ગુજરાતની ઉજ્જવળ આવતી કાલ સમા બાળકોને તંદુરસ્ત, સ્વસ્થ અને મસ્ત રાખવા અમે પ્રતિબદ્ધ છીએ, અને સૌના સાથ, સૌના વિકાસની નેમને સાકાર કરી, વનવાસી ક્ષેત્ર હોય કે શહેરી ક્ષેત્ર હોય ગુજરાતનો પ્રત્યેક બાળક, પ્રત્યેક કિશોરી, માતા તંદુરસ્ત રહે તેવી અમારી શાસન નેમ છે. ડાંગ જિલ્લો કુદકે ને ભૂસકે પ્રગતિ કરે, વિકાસની તેજગતિમાં સૌથી મોખરે રહે તેવા રાજ્ય સરકારના પ્રયાસોમાં જનસહયોગ ખૂબ મહત્વનો છે, એમ આહવા ખાતે પ્રજાજનોને સંબોધતા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે જણાવ્યું હતું.





રાજ્યની જેમ ડાંગ જિલ્લામાં પણ બાળ મૃત્યુ દર અને માતા મૃત્યુ દર ઘટાડવા, અને અહીંથી કુપોષણને દેશવટો આપવા માટે પ્રજાજનોને સંકલ્પ લેવડાવતા, મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે આહવા ખાતેથી રાજયવ્યાપી કુપોષણમુકત ગુજરાત મહાઅભિયાનનો શુભારંભ કરાવ્યો હતો. આંગણવાડીના ભૂલકાંઓને કુપોષણ સામે રક્ષણ આપી શકાય તે માટે, પૂરક પોષણ આહાર બાલ અમૃતમ અર્પણ કરતા મુખ્યમંત્રીશ્રીએ કિશોરીઓ અને માતાઓને આયર્નની ટેબ્લેટનું પણ વિતરણ કર્યુ હતું. આહવા ખાતેના પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે યોજાયેલા રાજ્યકક્ષાના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતની ભાવી પેઢીને તંદુરસ્ત બનાવવાના રાજયવ્યાપી અભિયાનમાં સૌ પ્રજાજનો, સામાજિક સેવા સંસ્થાઓનો સહયોગ આવશ્યક હોવાનું જણાવ્યું હતું.

શ્રીમતી આનંદીબહેને સ્પષ્ટપણે જણાવ્યું કે, ૨૦૦૧માં ગુજરાતની જનતા જનાર્દને તત્કાલીન મુખ્યમંત્રી તરીકે શ્રી નરેન્દ્રભાઈ મોદીને અપાર લોકચાહનાથી રાજ્યનું સુકાન સોંપ્યું, ત્યારથી જ પાછલા દોઢ દાયકાથી અમે કુપોષણ સામેનો જંગ, કન્યા શિક્ષણ, આરોગ્ય, પીવાનું પાણી, ગરીબ કલ્યાણ મેળા, અને પ્રજાજનોની સમસ્યાઓના સ્થળપર નિવારણના અનેકવિધ લોકકલ્યાણ કાર્યક્રમોથી ગુજરાતને દેશનું દિશાદર્શક રાજ્ય બનાવ્યું છે. તેમણે ઉમેર્યુંકે, જે લોકો પાછલા સાંઇઠ વર્ષમાં આવા કોઈ વિકાસ કામો ન કરી શક્યા, અને આદિજાતિઓને માત્ર મતબેંકનું પતાકડું જ સમજે રાખ્યા, તેવા લોકોને આ વિકાસની ગતિ પ્રગતિ આંખમાં કણાની જેમ ખૂંચે છે. પરંતુ અમે વિકાસના કામોમાં રોળાં નાખનારાઓને ગણકાર્યા વિના વનવાસીઓ, સાગરખેડૂતો અને સાડા છ કરોડ જનતાના હિત માટે જ સુશાસન આપ્યું છે, અને આપતા રહીશું જ.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
ફોબિયા
૧૨.૩૦, ૬.૩૦
વીરપ્પન
૩.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
એન્ગ્રી બર્ડ (અંગ્રેજી ૩ડી)
૧૧.૧૫, ૧.૧૫, ૮.૦૦
એન્ગ્રી બર્ડ (હિન્દી ૩ડી)
૩.૧૫, ૧૦.૦૦
એક્સ-મેન (૩ડી) અંગ્રેજી
૫.૧૫

**સ્ક્રીન-૪**
સરબજીત
૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
અઝહર
૬.૧૫

**સ્ક્રીન-૫**
વીરપ્પન
૧૨.૩૦, ૬.૪૫
ફોબિયા
૩.૩૦, ૧૦.૦૦

# સમગ્ર ભારતમાં ગુજરાત રાજય રકતદાનમાં અગ્રીમ સ્થાન ધરાવે છે : રાજયપાલ ઓ.પી. કોહલી





ગાંધીનગર, તા.૨૮

ભારતની ઓળખ વિજ્ઞાન, ટેકનોલોજી, આર્થિક ઉપાર્જન કરતા પણ ધર્મભાવનાએ સાચી ઓળખ હોવાનું રાજયપાલશ્રી ઓમપ્રકાશ કોહલીએ આજે સૂરત શહેરમાં બ્લડ બેંકનું ઉદ્ઘાટન કરતા જણાવ્યું હતું.

સજીવકુંમાર ઓડીટોરીયમ હોલ ખાતે ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી દ્વારા આયોજીત સુરતના ચોર્યાસી તાલુકા શાખાની સાતમી તથા રાજયમાં ૧૬મી અડાજણ ખાતેની બ્લડ બેંક શાખાના લોકાર્પણની તકતી અનાવરણવિધિ રાજયપાલશ્રીએ કરી હતી.

આ પ્રસંગે રાજયપાલશ્રીએ જણાવ્યું હતું કે, રકતદાનએ મહાદાન છે તેના થકી જ અનેક લોકોના જીવનમાં નવો ઉજાસ પાથરી શકાય છે. ગુજરાતએ દુધ ઉત્પાદન, વિકાસ, ઉદ્યોગમાં અગ્રણી રાજય છે સાથે સાથે રકતદાનમાં પણ સમગ્ર ભારતમાં અગ્રીમ સ્થાન ધરાવે છે તે પણ ગૌરવની બાબત હોવાનું તેમણે કહ્યું હતું. માનવ કલ્યાણની ભાવના સાથે ૧૫૦ વર્ષ પહેલા શરૂ થયેલી રેડ ક્રોસ સોસાયટીએ યુધ્ધ હોય કે શાંતિ બન્ને સમયે માનવતાવાદી અભિગમ સાથે સેવા કરી રહી છે હોવાનું જણાવી નવી શાખા શરૂ કરવામાં પ્રધાન કરનારા સૌ કોઈને અભિનંદન પાઠવ્યા હતા.

દાનનો મહિમા સમજાવતા રાજયપાલશ્રીએ કહ્યું કે, દધિચી ઋષિએ પોતાના શરીરનું દાન આપ્યું હતું જેના થકી દાનવો સામે દેવી શકિતનો વિજય થયો હતો. લોકો સમયે સમયે લોક કલ્યાણકારી કાર્યો માટે દાન આપતા રહે છે. કોઈના જીવનમાં નવી દ્દષ્ટિનો ઉજાસ પથારવો તે પણ સેવાનું ભગીરથ કાર્ય હોવાનું તેમણે કહ્યું હતું.

આ પ્રસંગે સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશે રકતદાનનો મહિમા સમજાવી દરેક વ્યકિત રકતદાનની સાથે ચક્ષુદાન કરવા પ્રેરિત થાય તેમ જણાવ્યું હતું.

# ગુજરાત યુનિ.ના કોમર્સ સહિતના પ્રવેશ માટે ૫મી જૂનથી રજિસ્ટ્રેશન



અમદાવાદ, તા.૨૮

ગુજરાત યુનિવર્સિટી દ્વારા કોમર્સ સહિતના છ બ્રાન્ચોમાં ઓનલાઈન રજિસ્ટ્રેશન માટે નિર્ધારીત કરાયેલી તારીખમાં ફેરફાર કરવામાં આવ્યો છે. હવે વિદ્યાર્થીઓ આગામી તા.૫મી જૂનથી ઓનલાઇન રજિસ્ટ્રેશન કરાવી શકશે. ધો.૧૨ કોમર્સના પરિણામ બાદ વિદ્યાર્થીઓના માર્ક્સની સીડી યુનિવર્સિટીને મળવામાં વાર લાગતી હોવાથી આ ફેરફાર કરવામાં આવ્યો છે.

ધો.૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ ૨૨મી મેના રોજ જાહેર કરી દેવાશે તેવી શકયતાના પગલે યુનિવર્સિટી દ્વારા ૨૩મીથી ઓનલાઈન રજિસ્ટ્રેશન કરવાની સૂચના આપવામાં આવી હતી. પરંતુ ધો.૧૨ સામાન્ય પ્રવાહના પરિણામમાં વિલંબ થતા આ તારીખ પાછળ લઈ જઈને ૩૦મીએ ઓનલાઈન રજિસ્ટ્રેશન થશે તેવી સ્પષ્ટતા કરાઈ હતી. હવે ધો.૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ તા.૨૮મીએ જાહેર થવાનું છે ત્યારે યુનિવર્સિટીએ વિદ્યાર્થીઓને તા.૫મીથી ઓનલાઈન રજિસ્ટ્રેશન કરવાની સૂચના અપાઈ છે. યુનિવર્સિટીના સૂત્રો કહે છે શનિવારે ધો.૧૨નું પરિણામ જાહેર થયા બાદ બોર્ડ દ્વારા વિદ્યાર્થીઓના માર્કશીટની સીડી આપવામાં ચારથી પાંચ દિવસનો વિલંબ કરાય છે. જયાં સુધી યુનિવર્સિટી પાસે વિદ્યાર્થીઓના માર્કસ આવે નહીં ત્યાં સુધી મેરીટ તૈયાર કરી શકાતું નથી. આ સ્થિતિમાં હવે વિદ્યાર્થીઓની આગામી તા.૫મીથી ઓનલાઈન રજિસ્ટ્રેશન કરવાની સૂચના અપાઈ છે. નોંધનીય છે કે ગુજરાત બોર્ડના વિદ્યાર્થીઓનું પરિણામ આવવામાં વિલંબ થાય તો સેન્ટ્રલ બોર્ડના વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન રજિસ્ટ્રેશન શરૂ કરી દેવાની તૈયારી પણ કરાઈ હતી. જો કે, હવે ધો.૧૨નું પરિણામ આવતીકાલે જાહેર થશે તે સ્પષ્ટ થતાં યુનિવર્સિટીએ ઓનલાઈન રજિસ્ટ્રેશનની પ્રક્રિયા તા.૫મી જૂનથી જ કરવાની સ્પષ્ટતા કરી છે.

# શિવરંજની દ્વારા સ્વરોત્સવનો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૨૮

શિવરંજની સંસ્થાના તમામ ગુણીજન સભ્યશ્રીઓ માટે નગરમાં ૧૯૭૨થી શરૂ થયેલી શિવરંજનીને ગુણીજનો દ્વારા અનેક વર્ષોથી પોતીકી બનાવી છે 'શિવરંજની' સંસ્થાની ઉત્તમ કાર્યક્રમો આપવાની પ્રણાલીને ધ્યાને લઈને અને ગત વર્ષો દરમ્યાન યોજાયેલ કાર્યક્રમો હજી નગરજનોના સ્મરણ પર રમી રહ્યા છે ત્યારે આવી જ કક્ષાના કાર્યક્રમો નવા વર્ષમાં પણ માણવાનું આયોજન કરી શકાય તેના ભાગરૂપે વર્ષ ૨૦૧૬-૧૭ની શરૂઆત 'સ્વરોત્સવ-સતત બે દિવસ શ્રેષ્ઠ કાર્યક્રમ'થી ટૂંક સમયમાં થઈ રહી છે. જેમાં પદ્મશ્રી ભિખુદાન ગઢવી-જૂનાગઢનો લોકસંગીતનો કાર્યક્રમ અને સતત ગુનગુનાવવાનું ગમે તેવા ગુજરાતી-હિન્દી ગીતોના કાર્યક્રમ 'ઋતુસંહાર'ની વિચારણા કરવામાં આવી છે. આવા સુંદર કાર્યક્રમો માણવા માટે ખુબ જ મહત્વની એવી સભ્યપદ મેળવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. સભ્યોને શક્ય તેટલા વહેલા સંસ્થાનું સભ્યપદ તાત્કાલિક રીન્યુ કરાવવા તથા અન્ય ઈચ્છુકોને પણ સંસ્થા સાથે જોડીને 'શિવરંજની' સંસ્થાના સભ્યપદની સંખ્યામાં વધારો થાય તે માટેનો એક નૈતિક સહકાર આપવા શિવરંજનીના પ્રમુખ વાગ્મિન બુચે અનુરોધ કર્યો છે.

# યુનિયન રિપબ્લીક અંગોલાના યુનિયન કૃષિ પ્રધાન પ્રતિનિધમંડળ સાથે બે દિવસ માટે ગુજરાતની મુલાકાતે

ગાંધીનગર,તા.૨૮

યુનિયન રિપબ્લીક અંગોલાના કેન્દ્રિય કૃષિ પ્રધાન અફોન્સો પેદ્રોકાંગા પ્રતિનિધિમંડળ સાથે ગુજરાતના બે દિવસના પ્રવાસે આવ્યા છે. રાજ્યના કૃષિ પ્રધાન બાબુભાઈ બોખિરિયા તથા સચિવ શ્રી મોના ખંધારે રાજ્યની કૃષિ-સહકાર અને પશુપાલન ક્ષેત્રે રાજયમાં થયેલી કામગીરી તથા કાર્ય પદ્ધિતિની પ્રેઝેન્ટેશન દ્વારા જાણકારી આપી હતી. રાજ્ય સરકારની કૃષિ-સહકાર અને પશુપાલનની કલ્યાણકારી યોજનાઓથી શ્રી કાંગા પ્રભાવિત થયા હતા.

રાજયમાં કૃષિ ક્ષેત્રે થયેલા સફળ પ્રયોગોની પણ જાણકારી મેળવી સોઈલ હેલ્થ કાર્ડ, કૃષિ મહોત્સવ, ટપક સિંચાઈ પદ્ધતિ, બાગાયતી પાકો, સરકાર તથા પશુપાલન ક્ષેત્રે થયેલ સિદ્ધિઓ વિશે જાણકારી પ્રાપ્ત કરી ખૂબ પ્રભાવિત થયા હતા.

આ પ્રતિનિધિ મંડળ બે દિવસ ગુજરાતની મુલાકાતે છે ત્યારે વિવિધ સ્થળોની મુલાકાત પણ લેશે.

અમદાવાદ ખાતે યોજાયેલા આ પ્રેઝેન્ટેશન-બેઠકમાં કૃષિ-સહકાર અને પશુપાલન વિભાગના પદાધિકારીશ્રીઓ, ડેલિગેશનના પ્રતિનિધિશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મહાકવિ કાલિદાસની આદર્શ શાસકની વિભાવના સુસંગત છે અને વિચારપ્રેરક છે






મહાકવિ કાલિદાસનો યશ અજર-અમર છે; કારણ કે એમની કૃતિઓમાં સનાતન જીવનમૂલ્યોની ઉપાસના છે. એમમે ૧૯ સર્ગના મહાકાવ્ય 'રઘુવંશ' ની રચના કરી; એને પ્રારંભે, શા માટે આ વંશના રાજાઓનું વૃતાંત આપી રહ્યા છે; એનું કારણ આપ્યું છે એમણે પાંચ શ્લોકમાં (૧, ૫ થી ૯) આ રાજાઓનાં ૧૬ ગુણો ગણાવ્યા છે. પછી શરુ થતા વૃત્તાંતમાં પરોક્ષપણે આ ગુણોની પ્રતીતિ થયા કરે છે. રઘુના ચરિત્રમાં જ આ ૧૬ માનાં ૧૨ ગુણોની ચરિતાર્થતા છે. યાદીમાંથી આદર્શ શાસકના ધર્મો કયા હોઈ શકે - તેનો ખ્યાલ આવી જાય છે. આ લક્ષણો વાંચતાની સાથે જ અનાયાસપણે વર્તમાન પરિસ્થિતિ સાથે તુલના થઈ જાય છે.

(૧) જન્મથી જ શુદ્ધ હોય તેવા - મનુષ્યના જીવનમાં ગર્ભાધાનથી અંત્યેષ્ટિ સુધીના ૧૬ સંસ્કારો છે; તે મનુષ્યને શુદ્ધ અને સંસ્કારી રાખે છે. આ રાજાઓ આ રીતના સંસ્કારોથી પોતાને શુદ્ધ રાખે છે.

(૨) ફલની પ્રાપ્તિ થાય ત્યા સુધી કાર્ય કરનારા - ભર્તૃહરિએ કાર્યની બાબતે ત્રણ વર્ગ આપ્યા છે - કેટલાક લોકો વિઘ્નના ભયથી કાર્ય શરુ જ કરતા નથી. બીજા કેટલાંક કાર્ય શરુ તો કરે છે, પણ વિઘ્ન આવતાં, કાર્ય અધૂરું છોડી દે છે. ત્યારે ઉત્તમ લોકો વિઘ્નોને પસાર કરતા જાય અને પરિણામ મેળવીને જ જંપે. આ વંશના રાજાઓ ફળ પ્રાપ્ત કરીને જ અટકે છે.

(૩) સમુદ્ર સુધીની પૃથ્વીનું પાલન કરનાર - છેવાડા સુધીની પોતાના શાસનની ધરતીમાં સૌ કૌઈ વિસ્તારોનું એક સરખી રીતે આ રાક્ષસો પાલન કરે છે. આ રાજાઓ પાસે સમાનદષ્ટિ છે.

(૪) સ્વર્ગ સુધીની રથની ગતિવાળા - આ રાજાઓની દેવોને પણ સહાય લેવી પડે છે; એટલે વારંવાર એમને સહાય માટે જવું પડે છે. એક પ્રસિદ્ધ પદમાં ગવાયું છે કે કોઈકવાર ભગવાનને પણ ભક્તની જરુર પડે છે.

(૫) વિધિ પ્રમાણે અગ્નિમાં આહુતિ આપનાર - આ રાજાઓની ધર્મભાવના પ્રબળ છે. યજ્ઞમાં અપાયેલી આહુતિથી પર્યાવરણ શુદ્ધ રહે છે અને પોતાની પ્રજા રોગમુક્ત રહે છે.

(૬) યાચકને એની ઈચ્છા પ્રમાણે આપનારા - અહીં પણ ત્રણ વર્ગ છે. યાચકને કશું ન આપે, યાચકને પોતાની ઈચ્છાથી આપે, યાચકને એની ઈચ્છા પ્રમાણે આપે. આ રાજાઓ ત્રીજા વર્ગમાં આવે.

(૭) અપરાધ પ્રમાણે સજા કરનારા - આ રાજાઓ તટસ્થપણે નિષ્પક્ષ રહીને કોઈ પણ જાતની દયા વગર; ગુનેગાર જેવો ગુનો કર્યો હોય એ પ્રમાણે હળવી કે આકરી સજા કરતા.

(૮) યોગ્ય સમયે ઊઠી જનારા - નિંદ્રા છોડીને, જાગ્રત થવાનો જે સમય હોય તે સમયે ઊઠી જતા. નરસિંહ મહેતાનું પદ છે - રાત રહે જયાહરે પાછલી ષટ ઘડી, સાધુ પુરુષે સૂઈ ન રહેવું.' રાત્રિનો છેલ્લો પ્રહર બ્રાહ્મમુર્હુત છે, તેમાં આ રાજાઓ જાગ્રત થઈ જતા.

(૯) છોડવા માટે ધન એકત્ર કરનારા - તેઓ સંપત્તિ એકત્ર કરતા હતા; પરંતુ પ્રજાજનોને કે યાચકોને આપી દેવા માટે ભેગી કરતા. 'રઘુવંશ' કાવ્યમાં અન્યત્ર પણ આ વિચાર પ્રગટ થયો છે. (૪-૮૬) કે સજ્જનો વાદળની જેમ આપવા માટે જ ધન ભેગું કરતા હોય છે.

(૧૦) સત્ય ખાતર ઓછું બોલનારા - બહુ બોલનારા સત્યનો ભોગ લઈ લેતા હોય છે; એના કરતાં ઓછું બોલવું - પણ સત્ય બોલવું - રાજાઓ આ રીતે જ બોલતા.

(૧૧) યશને માટે વિજયની ઈચ્છા રાખનારા - યશ જ જળવાઈ રહેતો હોય તો વગર યુદ્ધે શત્રુને જીતી લેવાની ઈચ્છા રાખતા. બિનજરુરી યુદ્ધ ન કરતા.

(૧૨) સંતાન માટે ગૃહસ્થી થનારા - આ રાજાઓ લગ્નજીવનમાં કામતૃપ્તિને કારણે નહિં, પરંતુ સંતાનપ્રાપ્તિ અર્થે સાયુજય ભોગવતા. પ્રજાતંતુનો ઉચ્છેદ ન થાય તે જરુરી હતું.

(૧૩)થી (૧૬) પોતાની વયને અનુરુપ વ્યવહાર કરનારા - વિદ્યાનો વ્યાસંગ શૈશવમાં કરતા. ઈન્દ્રિયોના વિષયોની ઈચ્છા યૌવનમાં રાખતા. સન્યાસીવૃત્તિ વૃદ્ધાવસ્થામાં રાખતા. અંતે યોગનો આશ્રય લઈને પોતાનો દેહ મૂકી દેતા. અર્થાત્ વિષયસુખ શૈશવ અથવા વૃદ્ધાવસ્થામાં નહિ, અને સન્યાસીવૃત્તિ શૈશવ કે યૌવનમાં નહિ.

કાલિદાસની આદર્શ શાસકની વિભાવના કોઈ પણ સમયે સુસંગત છે અને વિચારપ્રેરક છે.

